# ગાંધીનગરમાં કોરોનાનો વધતો કહેર : વધુ ૬૬ કેસ

**દહેગામમાં ૮, કલોલમાં ૫, માણસામાં ૨, ગાંધીનગરમાં ૧૮ કેસ : શહેરમાં આજે સે. ૨૬ માં અને સે. ૨ માંથી પાંચ-પાંચ કેસ તેમજ સે. ૧૨, ૧૬, ૧૪, ૨૩ અને ૩૦ માંથી ૩-૩ કેસ તેમજ સે. ૨૨ માંથી બે કેસ મળવા ઉપરાંત સે. ૧૩, ૬, ૫, ૨૯, ૨૧ અને સે. ૨૪ માંથી પણ એક-એક કેસ મળી આવેલ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો આજે ૬૬ નવા કેસ નોંધાતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. જિલ્લાની હોસ્પિટલો ફુલ થઈ જવા આવતાં તંત્રએ હવે નવા બેડની વ્યવસ્થા ઉભી કરવા માટેની કવાયત પણ તેજ બનાવી છે.

બે દિવસ અગાઉ પ્રભારી સચિવ સુશ્રી સુનયના તોમરે તાત્કાલિક અસરથી નવી બેડ ઉભી કરવાની સૂચનાઓ આપી હતી. આને પગલે તંત્રએ આજે તેની કવાયત તેજ કરી દીધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી કેસો મળવાના શરૂ થયા છે જેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ સર્વેલન્સ સઘન કરવા સાથે ટ્રેકીંગ અને ટ્રેસીંગ પર પણ ધ્યાન કેન્દ્રીત કરવાની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમમાં ૮, કલોલમાં ૫, માણસામાં બે કેસ તેમજ ૧૮ કેસ ગાંધીનગર ગ્રામ્યમાં નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૨ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૪ વિદ્યાર્થી, ૪ કર્મયોગી, ૩ ખેડૂતો પણ સંક્રમિત થયા છે.

દહેગામ તાલુકામાં ધારીસણા, મોટા જલુન્દ્રા, નાંદોલમાંથી એક-એક કેસ મળવા ઉપરાંત વાસણા ચૌધરી ગામેથી બે કેસ અને સાણોદામાંથી ૩ કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં બાલવા, ધાનજ અને સાંતેજ ગામેથી એક-એક કેસ તેમજ કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં બાપુપુરા ગામેથી અને બોરૂ ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાના રૌદ્ર સ્વરૂપને લઈ ગ્રામ્ય વિસ્તારમાં પરિસ્થિતિ હજુ નિયંત્રણમાં આવી નથી આજે પણ

● અનુસંધાન પાન-૭ પર



## કોરોના દર્દીઓ વધતા કચરાના ઢગ ખડકાયા

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના દર્દીઓનો ધસારો છે. ૩૦૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે બોયો મેડીકલ વેસ્ટ તો ઢગલાબંધ નીકળે છે. પરંતુ તેની સાથે સાથે સુકો અને ભીના કચરો પણ મોટીસંખ્યામાં નીકળે છે. જેને પગલે ૬૦૦ બેડની બિલ્ડીંગ પાછળ રહેલી કચરા પેટીઓ તો હાઉસ ફુલ થઈ ગઈ છે. પરંતુ તેની આસપાસ પણ કચરાની થેલીઓના ખડકલા જોવા મળી રહ્યા છે. પરંતુ તંત્ર દ્વારા જાણે કોઈ કચરાનો નિકાલ કરવામાં ઉદાસીન વલણ દાખવવામાં આવી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

## શહેરના અર્બન હેલ્થ સેન્ટરમાં ૭૯૫ નાગરીકોના રેપીડ ટેસ્ટ

શહેરમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે. પાટનગરમાં કોરોના સંક્રમણના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ટેસ્ટ કરાવવા માટે પાટનગરવાસીઓની સવાર થી જ સાંજ સુધી લાંબી લાઈનો લાગે છે. સેકટર-૨, સેકટર-૨૧, સેકટર-૨૯ સહિત અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૭૯૫ ટેસ્ટ થવા પામ્યા છે. જેમાંથી ૧૫ ટકા દર્દીઓ કોરોના પોઝીટીવ આવતા હોવાનું સ્પષ્ટ જાણવા મળ્યું છે. ગાંધીનગર સિવિલમાં પણ ટેસ્ટીંગ માટે ભારે ભીડ જામે છે. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ૩૩ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ૩૩ દર્દીઓ કોરોના સંક્રમિતના નોંધાયા છે.

## જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિ કોરોનાથી સંક્રમિત થયા છે. તેઓ છેલ્લા બે દિવસથી અસ્વસ્થતા અનુભવતા હતા અને રિપોર્ટ કરાવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિ હોમ આઈસોલેટ થયા છે. જિલ્લા પંચાયતના બીજા અધિકારી છે જેઓ કોરોનાથી સંક્રમિત થયા છે. હાલ નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવીબેન પટેલ સારવાર હેઠળ છે.

## ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં કોરોના દર્દીઓ ૩૩૦ને પાર

**૧૪૦ દર્દીઓ એનઆરબીએ, બાયપેપ અને વેન્ટીલેટર હેઠળ**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં એક તરફ ચુંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. ઉમેદવારો સવાર સાંજ ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર કાર્યકર્તાઓ સાથે કરી રહ્યા છે. ત્યારે શહેરમાં કોરોના પાર્ટ -૨ માં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતો જાય છે. સોમવારના રોજ ગાંધીનગર મનપા વિસ્તારમાં ૩૩ અને ગ્રામીણ વિસ્તારમાં ૩૩ કોરોના પોઝીટીવના દર્દીઓ નોંધાયા છે. જયારે રાજયમાં ૩૧૬૦ કોરોના કેસ સામે આવ્યા છે. જેમાં ૧૫ દર્દીઓએ અંતિમ શ્વાસ લીધા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના સંક્રમિતોની સંખ્યાનો આંકડો ૩૩૦ ને પાર કરી ગયો છે. જેમાંથી ૧૪૦ દર્દીઓ એનઆરબીએ, બાયપેપ અને વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. જેને અનુલક્ષી ૫ માળે નવો ૫૦૨ વોર્ડ પણ તૈયાર કરીને ત્યાં દર્દીઓને રાખીને સારવાર આપવામાં આવી રહી છે.

કોરોનાની બીજી લ્હેરએ હાહાકાર મચાવ્યો છે. કોરોના સંક્રમણ સતત વધી રહેતા સ્થાનિક તંત્ર અને આરોગ્ય તંત્ર પણ ચિંતાગ્રસ્ત બન્યું છે. કોરોના કેસ ઘટવાને બદલે મોટીસંખ્યામાં વધી રહ્યા છે. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે કેસની સંખ્યાનો આંકડો પણ લુપ્પાછુપીનો ખેલ ખેલી રહ્યા હોય તેવી સ્થિતિ છે. એક બાજુ સેકટરોમાં શેરીએ શેરીએ કોરોના કહેર મચાવ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં પણ કોરોનાના ઘરે ઘરે દસ્તક દીધી છે. બીજીતરફ કોરોના ટેસ્ટ કરવા માટે અર્બન હેલ્થ સેન્ટર પર લાંબી કતારના દ્રશ્યો પણ જોવા મળે છે. આમ તો તેના પરથી જ કોરોના સંક્રમણ કેટલુ વધી ગયુ છે તેનો સ્પષ્ટ ચિતાર મળી રહ્યો છે. રોજ બરોજ કોરોનાના કેસમાં સતત ઉછાળો નોંધાય છે. ત્યારે ગાંધીનગરમાં પણ કોરોનાના ૬૬ કેસ સામે આવ્યા છે, જેમાં ૩૩ કેસ મનપા વિસ્તારના છે. જયારે ગતરોજ સાંજથી આજ સાંજ સુધીમાં ૧૩ દર્દીઓએ અંતિમ શ્વાસ લીધા છે. જયારે પાટનગરની હોસ્પિટલમાં કોરોના સંક્રમણના ૩૩૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાંથી ૧૪૦ દર્દીઓ એનઆરબીએ, બાયપેપ અને વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. પાટનગરમાં કોવીડના કેસ વધતા બે દિવસે એક નવો વોર્ડ શરુ કરવામાં આવે છે તેવી સ્થિતિનુ નિર્માણ થયું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ કોવીડના દર્દીઓ સંખ્યા વધતા ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, લેબ સ્ટાફ, વર્ગ-૪ સહિતના સ્ટાફમાં પણ વધારો કરાયો છે. જયારે રાજયમાં પણ અધધ ૩૧૬૦ કેસ કોવીડના નોંધાતા તંત્ર પણ ચોકીં ઉઠ્યું છે.

## શહેરમાં ૧૩ કોરોના પોઝીટીવ દર્દીઓની અંતિમવિધી કરાઈ

ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત ચિંતાજનક રીતે વધી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં ૬૬ દર્દીઓ કોરોનાના નોંધાયા છે. જયારે રાજયમાં ૩૧૬૦ દર્દીઓ કોરોનાનો ચેપ લાગ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ૩૦૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં ગત રોજ સાંજના ૫ વાગ્યાથી અત્યાર સુધીમાં ૧૩ દર્દીઓની અંતિમવિધી કરવામાં આવી છે. જેમાં સેકટર-૩૦ મુકિતધામ ખાતે ૯ દર્દીઓની તેમજ રૂદ્રભુમિ સ્મશાનમાં ૪ મૃતકોની અંતિમવિધી કરાઈ છે.

## ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૮૦૦ થી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ અને ૧૦૦૦ લોકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૭૫૦ એન્ટીજન ટેસ્ટ અને ૪૦૦ થી વધુના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રેસીંગની કામગીરી સઘન બનાવવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## કોલવડા અને એસ.ટી.સી.માં કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવશે

ગાંધીનગર જિલ્લામાં કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે ૧૦૦ બેડ અને ગાંધીનગરની સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ૫૦ બેડના કોવિડ કેર સેન્ટર શરૂ કરવાનો નિર્ણય આજે જિલ્લાની ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો છે.

આજે જિલ્લા કલેક્ટર ડૉ. આર્યએ આરોગ્યની ટીમ સાથે કોલવડા આયુર્વેદ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે સવારે રાજ્યના મુખ્ય સચિવે પણ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી એ સિમ્ટોમેટીક દર્દીઓ માટે કેર સેન્ટર શરૂ કરવા પર ભાર મુક્યો હતો.

સાંજે પ્રભારી સચિવ સુનયના તોમરે પણ પણ યોજેલી બેઠકમાં આ વાતને દોહરાવી હતી. તંત્રએ હાલ ૧૫૦ બેડના આ બે કેર સેન્ટર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. તેમજ વધુ નવા બેડ હોસ્પિટલોમાં ઉપલબ્ધ થાય તે માટેની કવાયત તંત્રએ તેજ કરી છે.

## જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ઓલ ટાઈમ હાઈ નોંધાયો : ચેપરેટ ૫ ટકાએ પહોંચ્યો

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ઓલ ટાઈમ હાઈ નોંધાયો છે. જિલ્લામાં આજે ચેપરેટ પાંચ ટકા નોંધાતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી જે ગતિએ કેસો વધી રહ્યા છે તેણે તંત્રને પણ ચોંકાવી દીધુ છે. જિલ્લામાં હોસ્પિટલાઈઝેશન રેટ પણ વધ્યો છે અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સહિતની ડેઝીગ્નેટેડ હોસ્પિટલો પણ ફુલ થઈ ગઈ છે.

કોરોનાની મહામારીમાં જિલ્લામાં પહેલીવાર ચેપરેટ ૫ ટકાએ પહોંચ્યો છે. દિપાવલીના પર્વો પર આ ચેપરેટ ૪ ટકા સુધી પહોંચ્યો છે. કોરોનાની નવી લહેરમાં પરિવારોના પરિવાર અને મોટીવયના લોકો તેમજ મહિલા દર્દીઓ જે રીતે નોંધાઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. જિલ્લામાં અંતરિયાળ ગામોમાંથી પણ કેસો મળી રહ્યા છે અને કેસોની સંખ્યા વધતાં તંત્રની દોડધામ પણ વધવા પામી છે. કોરોનાની આ નવી લહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રએ કર્યો છે. જો કે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવામાં આવે તેવી માંગ પણ લોકજીભે ઉઠી છે.




ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં કોરોનાની સ્થિતિ દિવસે દિવસે ગંભીર અને વિકટ બનતી જાય છે. વિવિધ સ્થળોએ આવેલા ટેસ્ટીંગ સેન્ટરો પર લાગેલી નાગરિકોની ભીડ જોઈને કોરોનાની વિસ્ફોટક સ્થિતિનો ખ્યાલ આવી રહ્યો છે. સેકટર-૨, સેકટર-૨૧, સેકટર-૨૪ અને સિવિલ હોસ્પિટલમાં આવેલા ટેસ્ટીંગ સેન્ટરો પર વહેલી સવારથી ટેસ્ટ કરાવનારાઓની ભારે ભીડ જોવા મળે છે. અહીં વહેલી સવારથી જ નાગરિકો લાઈનમાં ઉભા રહી ટેસ્ટ માટે પોતાનો વારો આવે તેની રાહ જોઈને ઉભા રહે છે. દિવાળી બાદ ઉભી થયેલી કોરોનાની સ્ફોટક પરિસ્થિતિ કરતાં પણ ખરાબ સ્થિતિમાંથી હાલ સૌ કોઈ પસાર થઈ રહ્યાં છે.

# મનપાના મહાજંગમાં ૧૬૨ ઉમેદવારો

**બે આમ આદમી પાર્ટીના ઉમેદવારો સહિત ૮ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી : સૌથી વધુ વોર્ડ નં. ૧ માં સૌથી ઓછા વોર્ડ નં. ૫ માં ઉમેદવારો**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગમાં આજે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે ૮ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચતા હવે ૪૪ બેઠકો માટે ૧૬૨ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે વોર્ડ નં. ૫ માંથી આમ આદમી પાર્ટીના બે ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચતાં આખો દિવસ આ મુદ્દો રાજકીય વર્તુળોમાં ચર્ચાસ્પદ રહ્યો હતો. આમ આદમી પાર્ટીના કુંપલબેન દવે, નીશીરાજ રમલાવતે ઉમેદવારી પત્ર પાછા ખેંચ્યા છે.

મહાનગરપાલિકાની આ ત્રીજી સામાન્ય ચૂંટણીમાં બધાયે ઉમેદવારોની પસંદગી માટે કવાયત કરી પસંદ કર્યા હતા. આ ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે ૧૬૨ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

વોર્ડ નં. ૧ માં સૌથી વધુ ૨૦ ઉમેદવારો અને વોર્ડ નં. ૫ માં સૌથી ઓછા ૧૧ ઉમેદવારો નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૪ વોર્ડમાં બે બેલેટ યુનિટ ઉપયોગમાં લેવામાં આવશે

**૪ વોર્ડમાં સરખા ઉમેદવારો ૧૪-૧૪, ૨ વોર્ડમાં ૧૩-૧૩ અને એક વોર્ડમાં ૧૧ ઉમેદવારો મેદાનમાં**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણી માટે ચાર વોર્ડમાં બે-બે બેલેટ યુનિટ તંત્ર દ્વારા ઉપયોગમાં લેવાશે. વોર્ડ નં. ૧, વોર્ડ નં. ૬, વોર્ડ નં. ૮ અને વોર્ડ નં. ૧૦ માં ઉમેદવારોની સંખ્યા વધુ હોવાથી બે-બે બેલેટ યુનિટ ઉપયોગમાં લેવામાં આવશે.

એક બેલેટ યુનિટમાં ૧૪ ઉમેદવારોના નામ આવી શકે છે અને નોટાનું એક બટન અલગ આથી આ વોર્ડની બેઠકોમાં બે-બે બેલેટ યુનિટ ઉપયોગમાં લેવામાં આવશે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો અને ચૂંટણી ચિત્ર જે સ્પષ્ટ થયુ છે તે મુજબ ૪૪ બેઠકો માટે ૧૬૩ ઉમેદવારો આ જંગમાં છે.

વોર્ડ નં. ૧ માં ૨૦, વોર્ડ નં. ૬ માં ૧૭, વોર્ડ નં. ૮ માં ૧૮ અને વોર્ડ નં. ૧૦ માં ૧૫ ઉમેદવારો મેદાનમાં છે. વોર્ડ નં. ૩, ૪, ૯, ૧૧ માં ૧૪-૧૪ ઉમેદવારો તો વોર્ડ નં. ૨ અને ૧૦ માં ૧૩-૧૩ ઉમેદવારો અને વોર્ડ નં. ૫ માં ૧૧ ઉમેદવારો મેદાનમાં છે.

**માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સ ઐસી તૈસી સાથે**

## સેકટરોમાં બિન્દાસ્ત ઘરે ઘરે પહોંચી ચુંટણી પ્રચાર કરતા નેતાઓ સુપરસ્પ્રેડર પુરવાર થશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે સેકટરોમાં ઘરે ઘરે ચુંટણી પ્રચારની ઝુંબેશ પણ તેજ બની છે. સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્કની ઐસી તૈસી સાથે રાજકીય પક્ષોના નેતાઓ અને સમર્થકો ચુંટણી પ્રચાર કરીને પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવા ઉત્સુક બન્યા છે. પ્રજાની આરોગ્ય સુખાકારીનો મામલો કોરાણે મુકી મત બટોરવા નિકળેલા નેતાઓ અને તેમના કહેવાતા સમર્થકો ગમે ત્યારે સુપરસ્પ્રેડર પુરવાર થશે તેવો આક્રોશ પણ સેકટરવાસીઓમાં પ્રબળ બન્યો છે.

**ચુંટાયા પુર્વે જ પ્રજાની આરોગ્ય સુખાકારીને કોરાણે મુકી સ્વાર્થ સિધ્ધ કરવા બિન્દાસ્ત બનેલા નવા ઉભરતા નેતાઓની નફ્ફરાઇ સામે સેકટરવાસીઓમાં આક્રોશ**

ગાંધીનગરમાં કોર્પોરેશનની ચુંટણીના પ્રચાર પડઘમ વચ્ચે કોરોનાનુ સંક્રમણ વધુ ફેલાય તેવી દહેશત આમ નાગરિકો માટે પ્રબળ ચિંતાનુ કારણ બની છે. માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગની પરવા કર્યા વિના ઉભરતા નવા નેતાઓ બિન્દાસ્ત રીતે સેકટરો ખુંદી રહ્યા છે. સેકટરોમાં ઘરે ઘરે જઈ મત આપવાની અપીલ સાથે કોરોનાનુ સંક્રમણ પણ અત્યારથી જ ગીફટમાં લઈને આવ્યા હોય તેવા ભયજનક દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. ચુંટણી પ્રચાર દરમિયાન ઘરે ઘરે પ્રચાર માટે ફરતા ઉમેદવારો અને તેમના સમર્થકો માસ્ક પહેરવાની પણ તસ્દી ન લેતા હોવાથી સેકટરવાસીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. હાલ કોરોનાનુ સંક્રમણ અત્યંત ભયજનક સપાટીએ છે. ઘરે ઘરે કોરોનાના કેસ જોવા મળી રહ્યા છે. ત્યારે કોરાનાકાળમાં આમ નાગરિકોની આરોગ્ય સુખાકારીની પરવા કર્યા વિના જ ચુંટણીની જાહેરાત કરી દેવાઈ હોવાનો રોષ વ્યકત કરતા નગરજના જાગૃત નાગરિકોએ ચુંટણી બંધ રાખવા માટે પણ લડત આપી છે. પરંતુ પ્રજાની વચ્ચે વિકાસ સહીત જનસુખાકારીને અનુલક્ષી અનેક મુદ્દોઓ લઈને જતા નેતાઓ જન આરોગ્ય સુખાકારીના મામલે તદન નફ્ફરા હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. એકબાજુ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે બાળકો અને વડીલો ઘરમાંથી બહાર ન નિકળે તે માટે સતત અપીલ કરવામાં આવી રહી છે પણ હવે ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષોના ટોળા જ નાગરિકોના ઘરમાં પહોંચી જાય છે. ભાજપના એક ઉમેદવાર હાલ કોરોનાગ્રસ્ત છે પ્રચાર પડતો મુકી સારવાર લેવા હોસ્પિટલની બિછાને છે. ત્યારે ચુંટણી પ્રચારમાં ફરતા ઉમેદવારો તેમજ સમર્થકો પણ ગમે ત્યારે સેકટરવાસીઓ માટે સુપર સ્પ્રેડર બની શકે તેવી દહેશત નકારી શકાય તેમ નથી. સેકટરોમાં માત્ર ભાજપ જ નહી પરંતુ કોંગ્રેસ અને આપ પાર્ટી પણ પ્રચાર ઝુંબેશમાં લાગી છે ત્યારે સેકટરવાસીઓ પર કોરોનાના સંક્રમણનો ખતરો વધુ પ્રબળ રીતે મંડરાયો છે. કોરાના કાળમાં ચુંટણી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. બીજીતરફ કોરોનાનુ સંક્રમણ પણ હાલ પીક પર છે. ત્યારે ઘર આંગણે હાથ જોડીને ઉભેલા ઉમેદાવારોને મતદારો પણ બે હાથ અને ત્રીજુ માથુ નમાવી રહ્યા છે. મોઢે માસ્ક અને દો ગજ કી દુરીનો પ્રધાનમંત્રીની અપીલ પણ આ ઉમેદવારો ઘોળીને પી ગયા છે. કોરોના થવો હોય તો થાય પરંતુ મત મારા જ પોકેટમાં આવવો જોઈએ..

આવા સંજોગોમાં ચુંટાયા પુર્વે જ પ્રજા હીતને કોરાણે મુકી દેતા નેતાઓ આગળ પ્રજા સુખાકારી માટે કાંઈ કરશે નહીં પણ પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવામાં જ રચ્યા પચ્યા રહેશે તેવો આક્રોશ પણ સેકટરના પ્રબુધ્ધ નાગરિકોમાં પ્રબળ બન્યો છે.

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮ www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com